Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૬ • તા. ૦૫ ફેબ્રુઆરી ૨૦૧૮ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## સ્મરણાંજલિ.... પુષ્પાંજલિ.... શ્રદ્ધાંજલિ....

## પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.



કાળધર્મ : ૩૦ જાન્યુઆરી ૨૦૧૮

કચ્છ રવાના જેઓ વહાલી દિકરી હતા....
સાંયરાના જેઓ આદરણીય પુત્રવધુ હતા....
જિન શાસનના જેઓ સાધ્વીરત્ના હતા....
પરંતુ ચાલીસગામ શ્રી સંઘના તેઓ સર્વસ્વ હતા....
બાળકો.... યુવાનો.... વડિલોના આરાધ્ય ગુરૂદેવ હતા....
જેમની નિશ્રામાં શ્રી સંઘ ફુલ્યો - ફાલ્યો
શાસન પ્રભાવનાના અનેક સુકૃતો કરી જિન શાસનમાં ગૌરવવંતુ સ્થાન પામ્યો....
ચાલીસગામના કણ કણમાં.... જન-જનમાં....મન-મનમાં....
સૌના હૃદયમાં માનવંતુ સ્થાન પામ્યા.... એવા અમારા આરાધ્ય ગુરૂમૈયા

**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**

ને અંતરના ઉંડાણથી ભાવભીની વંદના.... વંદના.... વંદના....

## શ્રી કચ્છી દશા ઓશવાળ મહાજન - ચાલીસગામ

## પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ને કોટિ કોટિ વંદના



તપચક્ર ચક્રવર્તી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ** સામ્રાજ્યે
જેમની નિશ્રામાં... જેમના આશીર્વાદથી
અનેક સુકૃતોની હારમાળા સર્જાણી....
જેમના જીવનમાં વિનય-વૈયાવચ્ચ વણાયેલા હતા....
જેમનું જીવન સમતાથી મઘમઘાયમાન હતું....
જેમનામાં સરલતા અને સેવાના ગુણો ઝગમગતા હતા....
પ્રેમ... લાગણી અને વાત્સલ્ય ભરપૂર જેમનું હૃદય હતું....
એવા અમ જીવનાધાર
આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના સુશિષ્યા
**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**
ને કોટિ કોટિ વંદના.

સા. જયધર્માશ્રીજી   સા. જયદર્શિતાશ્રીજી   સા. હિમાંશુશ્રીજી

**સૌજન્ય : શ્રી શત્રુંજય એકેડમી - ચાલીસગામ**

## પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ને કોટિ કોટિ વંદના



**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**
કાળધર્મ : ૩૦ જાન્યુઆરી ૨૦૧૮

શ્રી ચાલીસગામ તીર્થે સ્થિરવાસ કરી
અમારા ઉપર કૃપા વરસાવી
અમારા ધર્મના પાયાને મજબૂત કર્યો....
જીવનમાં અમુલ્ય સંસ્કારોનું સિંચન કર્યું....
ગુરૂ દર્શન.... ગુરૂ વંદન.... ગુરૂ મુખે પચ્ચક્ખાણ....
સુપાત્ર દાન.... સેવા.... ભક્તિનો જેમણે
૨૭ - ૨૭ વરસ સુધી
લાભ આપી અમને કૃતાર્થ કર્યા એવા
સરલ સ્વભાવી.... સમતામૂર્તિ....
**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**
ને કોટિ કોટિ વંદના.

**માતુશ્રી મધુરીબેન ભવાનજી શીવજી લોડાયા**
**(કોઠારા) પરિવાર**
**ચાલીસગામ તથા વિદ્યાવિહાર**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 06/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## 'અનંતસિધ્ધિ' વિશે પ્રકાશ સમીક્ષાના તંત્રી લેખ અંગે વરિષ્ઠ જ્ઞાતિ અગ્રણીનો પ્રતિભાવ

પ્રકાશ સમીક્ષાના ગતાંક (અંક નં. ૫)માં 'અનંતસિધ્ધિ' બાબતે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ ચેરીટી કમિશનરમાં કરેલ કાર્યવાહી અંગેનો તંત્રીલેખ વાંચ્યો.

આખી બાબત ઘણીજ ક્ષોભજનક બની છે. આપણે સૌએ સાથે મળીને હવે એ વિચારવાનું છે કે આ પરિસ્થિતિમાંથી આપણે કઈ રીતે આગળનો માર્ગ પસંદ કરવાનો છે.

મારા નમ્ર મતે આવી પરિસ્થિતિમાં ટ્રસ્ટીઓએ કે કોઈપણ અન્ય અગ્રણીઓએ આમાં અહમ્ કે મમતનો પ્રશ્ન બનાવવો ન જોઇએ અને ટ્રસ્ટીઓએ જ્ઞાતિના વિશાળ હિતમાં, તેમણે નીમેલી જ્ઞાતિ અગ્રણીઓની સલાહકાર સમિતિની એક સભા તાત્કાલિક બોલાવવી જોઇએ.

આ સમિતિમાં જ્ઞાતિના પ્રતિષ્ઠિત અગ્રણીઓ અને નિષ્ણાંતો છે તેમની સાથે વિચાર વિમર્શ કરી તેમની સલાહ અને અભિપ્રાય લઈ યોગ્ય માર્ગ કાઢવો જોઇએ. આમ થશે તો 'અનંતસિધ્ધિ'ના પુનઃવિકાસનો પ્રકલ્પ ભવિષ્ય માટે એક દિવા દાંડી સમાન બની રહેશે જેથી ટ્રસ્ટની અન્ય મિલકતો અંગે નિર્ણય લેવા માટે બધાનો સાથ સહકાર લેવાનું એક ઉમદા દ્દષ્ટાંત જ્ઞાતિ સમક્ષ પ્રસ્તુત થશે.

'અનંતસિધ્ધિ'ના ભાડૂતોની પરિસ્થિતિ દયાજનક છે એ કારણસર પણ આમાં કોઈ વિલંબ કરવો પરવડે તેમ નથી.

આશા રાખું છું કે સૌ સંબંધિતો સમજદારીથી અને જવાબદારીપૂર્વક જ્ઞાતિના હિતમાં સાથ સહકાર આપશે.

માટુંગા – ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ – **હંસ ભવાનજી ખીમજી** (તેરા)

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિ રૂપ વિશેષણો, અલંકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number :004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code :400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code :8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# Mulund Youngsters Group

*Proudly Presents you*

**First ever Day & Night all over India Cricket Tournament in History of KDO**

## NEPTUNE CUP 2018

### POWERED BY NEELAM REALTORS

**Co-Powered by**

1) Amba Shipping
2) Arihant Cars
3) Tanman Tours
4) Steel Project Pvt. Ltd.
5) Sai Kalp Consultancy Pvt. Ltd.

**OUR PRESTIGIOUS TEAM OWNERS**

1) MENIL LOGISITICS
2) MAHAVIR SHIPPING AGENCY
3) H.M. HR SOLUTIONS
4) BHUMIRAJ
5) KARANI
6) JOY GROUP
7) Quest Titans
8) Vikhroli Automobiles
9) Supreme Sofa & Furniture
10) E-Transports
11) Stich-ELL
12) Trend Men's & Women's

**SUPPORTED BY :** LDMaster, RAY DIMENSION ARCHITECTURAL VISUALIZATION

**Venue :** **Date : 18th February 2018**

**Neelam Senroof Cricket Ground,**
**Senroofs Miles, Off. Goregaon - Mulund Link Road,**
**Nahur (E), Mumbai - 400 081.**

senroofs — Homes Made of Lotus Leaves

Contact Person : Mr. Jigar Nagda 91-9320603360 | Mr. Amit Lodaya 91-9930015952

Media Partner ગુર્જરમાત

## તો પખાવાજ અને મોટી પૂજાઓના ઢાળ (રાગ) ભુલાઈ જશે.

પ્રભુની સમીપતા (નિકટતા) પ્રાપ્ત કરવા માટે અનેક પધ્ધતિઓ, કળાઓ અને વિધિ-વિધાનો પ્રચલિત છે. એ કળાઓ અને પ્રવૃત્તિઓમાં લીન થઈને, માણસ પોતાને ભૂલીને પ્રભુભક્તિમાં એકરસ થઈ જાય છે. એમાં પખાવાજ અને મોટી પૂજાની રાગરાગિણીઓ સહિતનાં વિધિવિધાનો આપણું ખાસ ધ્યાન ખેંચે છે.

આજથી આશરે પચાસ-પંચાવન વર્ષ પહેલાં પખાવાજની કળામાં સુથરી, સાંયરા અને કોઠારા મોખરે હતા. સુથરીના લક્ષ્મીચંદ મંજલિયા, પદમશી ઉડિયા, વેલજીભાઈ પટેલ, લીલાધર ખોના, લહેરચંદ ખોના, લહેરચંદ ધરમશી વગેરે મહાનુભાવોનો આ બાબત (પખાવાજ)માં અવશ્ય ઉલ્લેખ કરવો પડે. ક્યારેક પખાવાજના કાર્યક્રમ માટે સાંયરાથી પખાવાજ મંડળી સુથરી આવતી. આખી રાત કાર્યક્રમ ચાલતો. પછી થોડા દિવસ એની જ વાતો ચાલ્યા કરતી. સાંયરાના કલ્યાણજી પટેલ, જેઠાભાઈ તથા મણીલાલભાઈ (તબલચી)ના નામો મને યાદ છે. લાલાના મુરજીભાઈ મૈશેરી તથા ટોકરશી ભાઈ લાલકા પખાવાજ અને પૂજાના રાગો મીઠાશથી ગાતા એવું સ્મરણ છે.

કોઠારાના તો અનેક નામો ગણી શકાય, જેમની સાથે મેં મુંબઈમાં પખાવાજના ચાર-પાંચ કાર્યક્રમમાં લાભ લીધો છે. તે સમયે કુંવરજીભાઈ પટેલ તથા એમના ભાઈઓ મુરજીભાઈ તથા રતિલાલભાઈ, હીરાલાલભાઈ મહેતાજી, લખમશીભાઈ મોતા વગેરે પખાવાજની કળામાં નિષ્ણાત ગણાતા. મુરજીભાઈ વિકમસી તબલા સાથે રંગત જમાવતા. મુંબઈની ધબડા ગલીમાં આવેલા રાયચંદ ઉમરશી છેડાના ગુંદરના ગોડાઉન (કમ ઑફિસ)માં પખાવાજ મંડળી જામતી. (એ ગલીનું નામ કદાચ દોનતાડ સ્ટ્રીટ હોઈ શકે) હાલમાં પખાવાજનું મહત્વ ઘટી ગયું છે. ક્યારેક વડોદરામાં તો ક્યારેક મુંબઈમાં સ્પર્ધાઓ યોજાય છે એ સારી વાત છે. એમાં તેરા અને વરાડીયા ગામનાં નામો ચમકે છે એવી જાણકારી પ્રાપ્ત થઈ છે. ગાંધીધામ કે ભુજમાં પખાવાજનો કાર્યક્રમ કે સ્પર્ધા યોજવાના પ્રયાસોમાં મને સફળતા મળી નથી. આવી બાબતોમાં જ્ઞાતિજનોનો રસ ઓછો થતો જાય છે. જો આ કળાઓમાં સાતત્ય નહિ જળવાય તો એ ધીમે ધીમે ભુલાઈ જશે. પખાવાજ અને 'ધમાલ' (દાંડિયા)ને કારણે આપણી જ્ઞાતિનું નામ ખાસ જાણીતું બન્યુ છે.

નાનપણમાં સાંભળેલી મોટી પૂજાઓની રાગ રાગિણીઓ આજે પણ ક્યારેક કાનમાં ગૂંજ્યા કરે છે. સુથરીમાં મોટી પૂજાના કાર્યક્રમમાં બેસતા ત્યારે સમય ક્યાં પસાર થઈ જતો તેની ખબર જ નહોતી પડતી.

ગાયનમાં વાજિંત્રોની મીઠાશ ભળતી. દુનિયાદારી ભૂલીને ભાવિકો પ્રભુમય થઈ જતા. કુંવરજીભાઈ ભોજકના તબલા સાથે દયાભાઈના હાર્મોનિયમ (પગપેટી)ની સંગત હોય પછી પૂછવું જ શું ? દરેક પૂજાના અંતે તબલાના વિશિષ્ઠ ઠેકા સાથે પખાવાજનો ઝણકાર ભળતો ત્યારે બધા ઝૂમી ઉઠતા. એક વખત પૂ. શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મહારાજ સાહેબ (મારા ફોઈ મહારાજ) સાથે વિહાર કરતાં સાયંરામાં અંતરાય કર્મ નિવારણની પૂજા સાંભળવાનો મોકો મળ્યો હતો. એ ક્ષણ મને હજી પણ યાદ છે. તે સમયે સાંયરા દેરાસરના પૂજારી (પ્રાણજીવન મારાજ) મોટી પૂજાઓની રાગરાગિણીઓ અને પખાવાજના સારા જાણકાર હતા. મોટી પૂજાઓના રચયિતા કેટલા વિદ્વાન અને રાગરાગિણીઓના જાણકાર હતા તેનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. આપણા દેરાસરોમાં શ્રી વીરવિજયજી કૃત મોટી પૂજાઓ (મહાવીર પંચકલ્યાણક, પાર્શ્વનાથ પંચકલ્યાણક વગેરે) ભણાવવામાં આવે છે. આવી પૂજાઓની ઝલકો સને ૧૯૬૪ થી ૧૯૬૬ દરમ્યાન જ્યારે હું આપણી પાઠશાળા (અનંતનાથજી દેરાસર)માં શિક્ષક હતો ત્યારે સાંભળવા મળતી.

બે-ત્રણ વર્ષ પહેલાં ગાંધીધામમાં એક વ્યક્તિના 'જીવતે જગતિયું' નામના ઉત્સવમાં ત્રણ દિવસ દરમ્યાન મોટી પૂજાઓ રાગરાગિણીઓ સાથે (અનેક વર્ષો પછી) સાંભળવા મળી ત્યારે સુથરી દેરાસર, ઉપાશ્રય અને તે સમયનો ભક્તિમય માહોલ એ બધું તાદશ થયું હતું.

કોઠારા, ભુજ, ગાંધીધામ વગેરે શહેરોમાં ઉપરોક્ત કળાઓને જાળવી રાખવાના પ્રયાસો થાય એ ઇચ્છનીય છે. મારા તરફથી શક્તિ પ્રમાણે આર્થિક સહયોગ આપવાની હું કોશિશ કરીશ.

– **શામજી પદમશી છેડા**, ગાંધીધામ


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

# ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકો જોગ

આપણા કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી હંમેશા મુજબ ગુડીપડવાના શુભ દિવસે **રવિવાર, તા. ૧૮-૩-૨૦૧૮ના સવારના ૯.૦૦ કલાકેથી હોરાઈઝન હોલ, ડી-માર્ટની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ) ખાતે યોજાશે.**

સોનાલી ગડાની પાર્ટી સંગીતના સુરે માતાજીની અર્ચના/આરાધના કરાવશે. સૌ ભાવિકોને સમયસર પધારી કુળદેવી મા અંબાઈ માની આરાધના / અર્ચનામાં જોડાવા વિનંતી છે.

સરસ્વતી સન્માન માટે વર્ષ ૨૦૧૬-૧૭ શૈક્ષણિક વર્ષમાં **SSC** તથા **HSC** (પ્રથમ બે) એવં ગ્રેજ્યુએટ કે તેની સમકક્ષ કે ઉપરની પરીક્ષા પસાર કરેલ મોતા પરિવારના યુવક/યુવતીઓએ તા. ૨૬-૦૨-૨૦૧૮ સુધી પોતાના માર્ક લિસ્ટની નકલ **TAN-MAN TOURS & TRAVELS**, A-19/20, Monani Sadan, (Bhujbal Niwas) 169/70, J.N. Road, Mulund (W), Mumbai-400 080 ના સરનામે યા tanmantour@gmail.com દ્વારા મોકલી આપવા વિનંતી છે.

**-ઃ સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર ઃ-**

**શ્રી ચિમનલાલ વેલજી મોતા પરિવાર** (તેરા - ડોંબિવલી) હસ્તે **પ્રફુલભાઈ**

**લિ. ક.દ.ઓ. મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા તથા લાભાર્થી પરિવારના જય માતાજી**

**માતાજીની સમૂહ પહેડીમાં કાળા કપડા પહેરવા નહિં અને યોગ્ય વસ્ત્ર પરિધાન કરવા.**

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ||     || શ્રી શાંતિનાથાય નમઃ ||

# ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ જાહેર આમંત્રણ

બંન્ને ગામવાસીઓ તેમજ નિયાણી બહેનો સહપરિવાર તથા આમંત્રિત મહેમાનો જોગ **પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.** તેમજ સર્વે પ.પૂ. આચાર્ય ભગવંતોના આશિર્વાદથી **મૂનિશ્રી કંચનસાગર મહારાજ સાહેબ**ની પાવન નિશ્રામાં તથા વિધિકાર સુશ્રાવક **શ્રી નરેન્દ્રભાઈ નંદુ**ના માર્ગદર્શનમાં બંન્ને ગામોમાં દ્વિદિવસીય મહોત્સવ યોજેલ છે.

**-ઃ કાર્યક્રમ ઃ-**

**વિક્રમ સવંત ૨૦૭૪ ફાગણ વદ ૧ને શુક્રવાર, તા. ૦૨-૦૩-૨૦૧૮**ના રોજ બન્ને જિનાલયોમાં ૧૮ અભિષેકનો કાર્યક્રમ યોજેલ છે.

**વિક્રમ સવંત ૨૦૭૪ ફાગણ વદ ૨ને શનિવાર, તા. ૦૩-૦૩-૨૦૧૮**ના રોજ બન્ને જિનાલયોની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ યોજેલ છે. તો આ જાહેરાતને નિમંત્રણ સમજીને પધારવા કૃપા કરશોજી. આવનાર ભાગ્યશાળીઓએ અગાઉથી જાણ કરવી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**નોંધ :** આ સાથે બન્ને ગામોની સર્વ સામાન્ય સભા ટ્રસ્ટ અને કારોબારી સમિતિની નિમણુંક માટે બોલાવામાં આવી છે તો સર્વે ગામવાસીઓએ હાજર રહેવું અનિવાર્ય છે.

**સંપર્ક**

| | | | |
|---|---|---|---|
| **૧) અશોક પોલડીયા** | **- 094222 12250** | **૩) ભુપેન્દ્ર ડાઘા** | **- 098198 83522** |
| **૨) શ્રેણિક મોમાયા** | **- 093237 85320** | **૪) પ્રવિણ મોમાયા** | **- 094250 89966** |

**લિ. પ્રમુખશ્રી ધનપતિ કુંવરજી મોમાયા એવમં ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર !**

# મહિલાઓમાં હિંમત આવી છે

**અનીતા હીલ**નું નામ કોઈને યાદ નથી. આજે ૬૧ વરસની અનીતાને સૌથી વધુ આનંદ થાય છે કે આખીય દુનિયામાંથી એકી સાથે લાખો સ્ત્રીઓ પોતાની સાથે થયેલી જાતીય સતામણી વિશે બોલી રહી છે. ૨૬ વરસ પહેલાં અનીતાએ એકલપંડે જાતીય સતામણીની લડત લડી હતી. તેણે અમેરિકાના સુપ્રીમ કોર્ટના વડાં ન્યાયાધીશ કે જેનું નામ ત્યારના અમેરિકન પ્રમુખ જ્યોર્જ બુશે સૂચવ્યું હતું તેની સામે જાતીય સતામણીની ફરિયાદ કરવાની હિંમત દર્શાવી હતી.




સત્તા આગળ શાણપણ ન ચાલે પણ એક વાત જરૂર થઈ કે ત્યારબાદ અમેરિકામાં કામના સ્થળે જાતીય સતામણી વિરુદ્ધ સ્ત્રીઓએ બોલવાની હિંમત દર્શાવતા સેક્સુઅલ હરેસમેન્ટ વિશે જાગૃતી લાવવા પ્રયત્નો થયા, પણ અનીતા જે સ્કૂલમાં કામ કરતાં હતાં તેમાંથી એમને કાઢવાના પ્રયત્નો ય કરવામાં આવ્યા અને એમ ન થઈ શકતાં એ સ્કૂલ જ બંધ કરી દેવામાં આવી.

'મી ટુ' કેમ્પેઈન બાદ હમણાં સોશિયલ મીડિયા પર અને તેની બહાર ચર્ચાઓએ જોર પકડ્યું છે કે જાતીય સતામણી કરનારના નામ જાહેર કરવા જોઈએ કે નહીં? ગત ઑક્ટોબરમાં ફેસબુક પર **રાયા સરકાર** નામની વિદેશમાં રહેતી કાયદાની વિદ્યાર્થીનીએ યુનિવર્સિટીઓમાં જાતીય સતામણીનો ભોગ બનનાર સ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલા જાતીય સતામણી કરનાર વ્યક્તિઓના નામનું લિસ્ટ જાહેર કર્યું હતું. એ લિસ્ટ તરત જ વાયરલ થયું. અને થોડા જ સમયમાં ઉતારી લેવામાં આવ્યું, કારણ કે દિલ્હીની કેટલીક પીઢ નામાંકિત નારીવાદીઓએ તેનો વિરોધ કર્યો. તેમનું કહેવું છે કે આ રીતે નામ જાહેર ન કરવા જોઈએ, પણ ડ્યુ પ્રોસેસ એટલે કે વિશાખા ગાઈડલાઈન્સ (૧૯૯૭) પ્રમાણે કેસ ચાલવા જોઈએ.

અમેરિકામાં અનીતા હીલનો કેસ થયો એ જ અરસામાં રાજસ્થાનમાં ભંવરી દેવી પર બળાત્કાર થયો, પણ તેના આરોપીઓ છૂટી ગયા. અદાલતે એમ કહ્યું કે સવર્ણો દલિતોને અડતાય નથી તો બળાત્કાર ક્યાંથી થાય. એડ્વાન્સડ સેન્ટર ફોર વિમેન્સ સ્ટડીઝ, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સના પ્રોફેસર વિભૂતિ પટેલ જેમણે વીસ વરસ સુધી આ વિશાખા ગાઈડલાઈન્સ હેઠળ કામના સ્થળે રચાતી સેક્યુઅલ હરેસમેન્ટની ફરિયાદ તપાસવાની ઈન્ટરનલ કમ્પલેઈન કમિટીમાં સક્રિય કાય કર્યું છે.

**વિભૂતિ પટેલ**નું કહેવું છે કે મુંબઈ યુવિર્સિટિની કમિટિમાં જ્યારે તેઓ હતા ત્યારે ૨૦૬ ફરિયાદ આવી પણ ફક્ત ૬ સ્ત્રીઓએ જ લેખિત ફરિયાદ કરતાં કેસ ચાલ્યો હતો. જાતીય સતામણીની માનસિક-શારીરિક પ્રતારણા તો ખરી જ પણ તેની ફરિયાદ કરીને એ તકલીફો ઓર વધે છે. કારણ કે સત્તા પુરુષો પાસે હોવાથી ન્યાય મેળવવો અઘરો જ નહીં અશક્ય બની જતો હોય છે. વળી ડ્યુ પ્રોસેસમાં ફરિયાદ કર્યા બાદ કમિટી તપાસ ત્રણ મહિના સુધી ચાલે. તે દરમિયાન ફરિયાદ કરનાર સ્ત્રીને વધુ પ્રતારણા સહન કરવાની. જો તે કોન્ટ્રેક્ટ પર એજ્યુકેશનલ સિસ્ટમમાં હોય તો નોકરી જાય, વળી કામ તો તેણે એ જ પુરુષ સાથે કરતાં રહેવાનું એટલે વધુ તકલીફો સહેવાની આવે. તેના પર બદલો પણ લેવાય વગેરે.

૧૯૭૮થી જે નર્સ કોમામાં રહ્યા અને ગુજરી ગયા તે અરુણા શાનબાગ પર બળાત્કાર કરનાર વોર્ડબોય છૂટી ગયો. તે અરુણા હોશિયાર હતી, જ્યારે પેલો વોર્ડબોય અનિયમિત અને કામચોર હતો એટલે તેણે સાંભળવું પડતું. પુરુષ તરીકે વઢ ખાવી કેટલું અપમાનિત હોય એટલે તેણે આ રીતે અરુણા પર બળાત્કાર કરી તેને મારી નાખવાની કોશિશ કરી બદલો લીધો.

મહિલા સામાજિક કાર્યકર્તા **ફ્લેવિઆ અગ્નેશે** એક આર્ટિકલમાં લખ્યું છે કે કાયદાને હું માન આપું છું, પણ જાતીય સતામણીના કેસમાં એકમાત્ર શક્તિ મીલ ગૅન્ગરેપ કેસમાં આરોપીને સજા સંભળાવવામાં આવી. બાકી જાતીય સતામણીના કેસમાં આરોપી કરતાં ફરિયાદ કરનાર સ્ત્રીએ જ ઘણું ગુમાવવું પડતું હોય છે.

આપણા નોબેલ વિજેતા વૈજ્ઞાનિક પચૌરી વિરુદ્ધ જાતીય સતામણીની ફરિયાદ કરનાર તેમની આસિસ્ટન્ટ સ્ત્રીએ હાલમાં જ એક લેખમાં સ્ત્રીઓને ચેતવી છે કે જાતીય સતામણી વિરુદ્ધ ફરિયદ કરો તો સૌ પહેલાં તમારું બૅન્ક બેલેન્સ બનાવો, પછી નોકરી છોડી દો, વકિલ શોધો અને દરેક જાતના અપમાનો માટે મન મક્કમ કરો.

કચ્છના આઈસ્ક્રીમ પેંડા, મલાઈ પેંડા, સેકેલા પેંડા, કચ્છની બાજર, કુંઢા ખાખરા, કચ્છની ચિકીઓ, ગોબિત, રાપરના રોટલા, ખોપટા, કચ્છના અથાણા, મુંદ્રાનો કેલા બટાટાનો ચેવડો, સ્પે. તુવેર દાળનો ચેવડો, કચ્છની કેસર કેરીનું આમરસ, કચ્છના બિજોરા-આમળાંના મુખવાસ-શરબત, કોડાયની સંચર સેવ, કચ્છના બાજર જુવાર ઘઉના ખાખરા, ફરસાણ મિઠાઈમાં અનેક વેરાયટીઓ. **દિલીપ નાગડા - 9773115251**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

વિશાખા ગાઈડલાઈન્સ વિશે વાત કરીએ તો નેશનલ કાઉન્સિલ ઑફ વિમેન્સે જ કહ્યું છે કે કામ કરતી ૬૦ ટકા સ્ત્રીઓને આ કાયદાની જાણકારી નથી. અને જેટલી પણ સ્ત્રીઓએ ફરિયાદ કરી છે તેમણે જ સજા ભોગવી છે, કોઈ પુરુષને સજા થઈ હોવાનું સાંભળ્યું છે કદી?૨૦૦૫માં ઈન્ડિયન ઍરફોર્સની પાયલટ **અંજલી ગુપ્તાએ** તેના ત્રણ સુપિરિયર વિરુદ્ધ જાતીય સતામણીની ફરિયાદ કરી તો અંજલીને જ કોર્ટમાર્શલ કરવામાં આવી. સમાજમાં આજે સફળ અને બૅન્ક બેલેન્સ ધરાવતી સ્ત્રીઓ બોલી શકે છે, પણ ગરીબ અને સામાન્ય સ્ત્રીઓ તો બોલી પણ શકતી નથી. 'મી ટુ' કેમ્પઈન બાદ સ્ત્રીઓએ હિંમતથી બોલવાનું શરૂ કર્યું છે. એના સારા પરિણામો હવે દેખાશે તે ચોકસ છે. મોડું તો માડું, જે થયું તે સારું થયું છે, હવે ઓર સારું થતું રહેશે.

– 'મિડ-ડે'માંથી સાભાર


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ


## મુલુંડમાં વસતા જ્ઞાતિજનો માટે

**શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ લાલા પરિવાર**

તરફથી ધાર્મિક પુસ્તક

**''જિનાજ્ઞા''**

પાર્ટ ૪ અને ૫

ઘર દીઠ ફ્રી આપવામાં આવશે.

**-: પ્રાપ્તિ સ્થળ :-**

**શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ**

વીરજી જીવરાજ મેવાણી હૉલ,
દેવપુંજ, કસ્તુરબા માર્ગ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

**-: સમય :-**

**શનિવાર થી સોમવાર**

**તા. ૧૦,૧૧,૧૨/૦૨/૨૦૧૮**

**સવારના ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે**

## સખીવૃન્દ મહિલા મંડળ પુનાની રજત જયંતિ વર્ષની ઉજવણી રૂપે ''ભક્તામર વર્કશોપ''

સખીવૃન્દ મહિલા મંડળ પુનાની રજત જયંતિ વર્ષની ઉજવણી રૂપે ''ભક્તામર વર્કશોપ''નું આયોજન કરે છે. જે નાગપુર સ્થિત આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક ચિકત્સક ડૉ. મંજુજી જૈન દ્વારા પ્રસ્તુત થશે.

ડૉ. મંજુજીના મત મુજબ ભક્તામર સ્તોત્રની વિવિધ ગાથાઓના મંત્રોચ્ચાર અને વિધિ વિધાનથી અસાધ્ય રોગોનું નિવારણ કરી શકાય છે તેમજ અન્ય બાબતો (IQ વધે, રિધ્ધી સિધ્ધી વધે) પણ સિદ્ધ કરી શકાય છે. આ અમુલ્ય તકનો લાભ સર્વે ખાસ કરીને દરદીઓ જરૂરથી લેશો.

**તારીખ : ૪/૩/૨૦૧૮ • સમય : સવારના ૮.૩૦ થી સાંજે ૫**

**ભાગ લેવા ઇચ્છીત સર્વેએ તા. ૧૫-૨-૨૦૧૮ સુધી નામ રજીસ્ટર કરાવવું જરૂરી છે.**

**સંપર્ક : પુષ્પા લોડાયા - 98505 13015 • કલ્પના લાપસિયા - 9890691391**

**ભક્તામર વર્કશોપના દાતાઓનો સખીવૃન્દ મહિલા મંડળ ખૂબ આભારી છે.**


**પીળું કમળ - રૂા. ૧,૦૦,૦૦૦/-**

૧) **શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સંઘ પુના,**
૨) **માતુશ્રી નવલબાઈ નવીનચંદ્ર ધરમશી**
હસ્તે **શ્રીમાન સંજયભાઈ ધરમશી**
૩) **માતુશ્રી વાલબાઈ જેઠાભાઈ લોડાયા**
હસ્તે **શ્રીમાન દિનેશભાઈ જેઠાભાઈ લોડાયા**

**સફેદ કમળ - રૂા. ૨૫,૦૦૦/-**

૧) **માતુશ્રી કાન્તાબાઈ માણેકજીભાઈ ધરમશી,**
૨) **શ્રીમતી લીલા રાયચંદ નાગડા,**
૩) **શ્રીમાન જ્ઞાનેશભાઈ ચીમનલાલ ડાઘા,**
૪) **માતુશ્રી લીલાવંતી રતિલાલ ધરમશી**
હસ્તે **રતિલાલભાઈ ધરમશી**

**અન્ય દાતા : રૂા. ૧૦,૦૦૦/-** ૧) **શ્રીમાન ચિંતનભાઈ શાહ** ૨) **ડૉ. છાયાબેન નૈનેશ વોરા**




## આણંદ પરિવારના સૂત્રધાર

**- પ્રવિણ લોડાયા,** વડોદરા

આજના મટિરિયાલિસ્ટીક જમાનામાં જ્યાં બાપ-દીકરાના, ભાઈ-ભાઈના, પતિ-પત્નિના સંબંધોમાં સ્વાર્થ ઘુસી ગયું છે ત્યારે ૪૦૦ થી ૫૦૦ વ્યક્તિઓના કુટુંબને એક સૂત્રે બાંધીને દરેક વ્યક્તિની સારસંભાળ રાખવી એ એક ચમત્કાર કહેવાય. તેમના સુખ-દુઃખના પ્રસંગોમાં તેમની સાથે ખભેથી ખભા મિલાવીને ઊભું રહેવું એ કાંઈ નાનીસૂની વાત નથી.

આજે મારે વાત કરવી છે ભાઈશ્રી નરેન્દ્ર શામજી કેશવજી દંડની (કચ્છ તેરા-મુલુંડ). છેલ્લા ૨૫-૩૦ વર્ષોથી શ્રી નરેન્દ્રભાઈ પરિવારની ધુરા સંભાળી રહ્યા છે. આ વર્ષોમાં એમણે કુટુંબને અનેક ધાર્મિક સ્થળો, યાત્રા પ્રવાસો હસતા મુખે કરાવ્યા. જે માટે ક્યારેક પણ એમને અભિમાન આવ્યું હોય કે ભાષા તોછડી થઈ હોય કે ગુસ્સે થયા હોય એ મારી જાણમાં નથી. એટલે જ તેઓ સમસ્ત આણંદ પરિવારના લાડીલા થઈ ગયા. તેમના બોલને કોઈ ઉથાપી શકતો નથી. કારણ કે દરેકને એમણે ખરા હૃદયથી પ્રેમ આપ્યો છે.

પરિવારની આ લાંબી યાત્રામાં એમના ધર્મપત્ની સૌ. જ્યોતિબેનનો પણે એમને સંપૂર્ણ સાથ મળ્યો છે. એ બેનનું મોઢું પણ કાયમ હસતું જ હોય. નરેન્દ્રભાઈ તો કહીને છૂટી જાય પણ રસોડામાં દરરોજ ૧૫-૨૦ જણાની રસોઈ કરીને મહેમાનોને હસતા મુખે જમાડવા, તેમની આવભગત કરવી, મુંબઈ જેવા બે રૂમ -ત્રણ રૂમની જગ્યામાં પોતે અગવડ વેઢીને દરેક જણની સગવડ સાચવવી એના માટે બહુ મોટું હૃદય જોઈએ.

ફરી ફરી એ જ મહેમાનો આવવા એમને જ્યારે ખરા હૃદયથી પ્રેમ મળ્યો હોય ત્યારેજ આવું બને. ઘણા સગાઓએ તો પોતાના પ્રસંગો પણ એમના ઘરે ઉજવ્યા છે. બધા માટે ચોવીસ કલાક એમના દરવાજા ખુલ્લા જ હોય છે.

એમણે પોતાના 'હું' ને ઓગાળી સમસ્ત પરિવાર સાથે એકાત્મભાવ સાધ્યો છે. અને પરિવારને એક કુટુંબ બનાવી શક્યા છે. તેમની વ્યાપક દૃષ્ટિના કાર્યથી અને નિષ્કામ ભાવે કરેલી સેવાથી સમગ્ર પરિવારને એક તાંતણે બાંધી શક્યા છે. આ કાંઈ જેવી તેવી સિધ્ધી નથી. ૪૦૦ થી ૫૦૦ જણાના પરિવારને એકસૂત્રે બાંધી રાખવા રમતવાત નથી. એમની આ ત્યાગ ભાવનાને સો સો સલામ.

મનુષ્યની પ્રકૃતિ તો એવી છે કે નાની નાની સફળતાનો મોટો મોટો યશ પોતાના નામે ચડાવવો. નાનું કાર્ય કર્યું હોય તો પોતાના વર્તુળમાં, જ્ઞાતિમાં, સમાજમાં ગાઈ વગાડીને




**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા**

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

પાંજરાપોળ દ્વારા ઢોરોના નિભાવ ખર્ચ માટે સહાયની અપીલ ને દાતાઓના પ્રોત્સાહક પ્રતિસાદ મળી રહ્યા છે. પ્રાપ્ત દાનની વિગત

**રૂા. ૩૨,૫૦૦/- શ્રીમતિ દિપાબેન ચેતનભાઈ લોડાયા,** બાંડિયા-અમદાવાદ દ્વારા

**નરેન્દ્રભાઈ** તથા **પુષ્પાબેન** ના લગ્ન જીવનના ૫૦ વર્ષની ઉજવણીના અનુસંધાનમાં.

અત્યારસુધીના ૬૫ દાતાના નામ પ્રકાશ સમીક્ષાના અંકોમાં પ્રસિધ્ધ કરેલ છે.

**વાર્ષિક સહાયતા યોજના**

હવે જાન્યુઆરીથી ડીસેમ્બર ૨૦૧૮, ૧૨ મહિના દર રૂા. ૧,૦૦૦/- લેખે રૂા. ૧૨,૦૦૦/-ના દાતાના નામ

૬૬-૬૭) રૂા. ૨૫,૦૦૦/- **શ્રી શત્રુંજય જયતળેટી ગુણ-ગુણોદય સિનીયર સિટીઝન નવાણું (૯૯) યાત્રા નિમિત્તે**

૬૮) રૂા. ૧૨,૦૦૦/- **માતુશ્રી મણીબાઈ ખેતસી નાગડા,** જખૌ-મુંબઈ હસ્તે તરૂણાબેન જવેરચંદ લોડાયા, મુલુંડ

૬૯) રૂા. ૧૨,૦૦૦/- **શ્રી ખેતસી કુંવરજી નાગડા,** જખૌ - મુંબઈ હસ્તે તરૂણાબેન જવેરચંદ લોડાયા, મુલુંડ

**દાતાઓનો ખૂબ ખૂબ આભાર**
ઘાસચારો, ભુસો, ખોળ, કડબ, વગેરે સ્વીકારાય છે.

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.**

**Banking Details :**

**Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652
IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096
IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું ઍકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

કહેવું. કોઈ દીન-દુ:ખીને મદદ કરી છાપામાં પોતાના ફોટા પ્રસિધ્ધ કરાવવા એ આજકાલના કહેવાતા સમાજસેવકોની ફેશન બની ગઈ છે. નરેન્દ્રભાઈએ સમાજસેવાના કાર્યમાં પ્રકૃતિના વિશેષ સંસ્કારિતાનું તત્વ ઉમેરીને અને સંસ્કૃતિ સ્વરૂપે સમાજ સમક્ષ મૂકી છે.

મારા સ્વ. મામાશ્રી શામજી મામાએ એમના સુપુત્ર નરેન્દ્રભાઈને જે શિખામણ આપી હતી તેનું એમણે અક્ષરશ: પાલન કર્યું છે. આપણા દરેકનું જીવન માત્ર આપણા માટે જ નથી હોતું. આપણું જીવન બીજાને ઉપયોગી થાય, પ્રેરણા રૂપ બને તેવા પ્રયત્નો કરવા કુટુંબ અને સમાજ માટે બનતું બધું કરી છુટવું, આપણને આપણા પૂરતું જ જીવી જવાનું નથી. ઉદારતા, શૂરવીરતા અને પ્રેમાળપણું આપણા કચ્છીઓની ખાસીયત છે. એ જ આપણી જીવનશૈલી છે.

મારા મામાશ્રીની એવા ભાવના એમને વારસામાં મળેલી છે. ત્રણ ભાઈઓના ૧૩ પૂત્રો અને ૧૨ પુત્રીઓ સાથે એમણે સરખો જ વ્યવહાર કર્યો હતો એ પણ એ અછતના જમાનામાં. મને વારસામાં ડાયાબિટીસ મળ્યો જ્યારે એમને ડાયાબિટીસ તો મળ્યો પણ જબરદસ્ત સેવાભાવના પણ મળી જેનાથી એમનો ડાયાબિટીસ ઝાંખો પડી ગયો એવા શ્રી નરેન્દ્ર ભાઈના દિર્ઘાયુષ્યની કામના કરીને એમને સેવા કરવા હજી પણ વધુ બળ મળે એવી પ્રભુ પાસે પ્રાર્થના.


|| શ્રી મોમાઈ માતાજી નમઃ ||

**શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર સાંયરા**

**મુંબઈ મધે શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડી**

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડીના લાભાર્થી દાતા પરિવાર શ્રી ડોસાભાઈ ખીમજી મોમાયા (બારોઈ-નાસિક) પરિવાર એવમ શ્રી કુંવરજી વેરશી મોમાયા (બારોઈ-જલગામ) પરિવાર દ્વારા મુંબઈ મધે સંવત ૨૦૭૪ને જેઠ સુદ ૬ ને રવિવાર તા. ૨૦-૪-૨૦૧૮ના રોજ શ્રી કપોળવાડી, ઘાટકોપર (વેસ્ટ), મુકામે આયોજીત કરવામાં આવેલ છે. સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા તથા અન્ય ગામના ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો/દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે.

**નોંધ :** પહેડી પ્રસંગે કાળા વસ્ત્રો પહેરીને નહીં આવવા કાળજી લેશોજી.

સંપર્ક : **શ્રી હીરાચંદભાઈ મોમાયા – 098703 36826**
**શ્રી દિનેશભાઈ મોમાયા – 098206 78051**
**શ્રી ભદ્રેશભાઈ મોમાયા – 098331 31359**
**શ્રી પ્રવિણભાઈ મોમાયા – 094250 89966**
**શ્રી શ્રેણીકભાઈ મોમાયા – 093237 85320**

લી. **ભોઈમા જયાબાઈ મોમાયા** તથા

**મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**



# ભાવભીની શ્રદ્ધાંજલિ

**૧૦મી પૂણ્યતિથિ**



**પિતાશ્રી ધનજી પદમશી દંડ**

અરિહંત શરણ : તા. ૨૯-૦૧-૨૦૦૮

**ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,**
**અગણીત છે ઊપકાર એમના,**
**એહ કદિ વિસરશો નહીં.**



**(સેવક ભરૂડિયા - ભાયખલા)**

**૭મી પૂણ્યતિથિ**



**માતુશ્રી મુરબાઈ ધનજી દંડ**

અરિહંત શરણ : તા. ૧૨-૧૧-૨૦૧૦

પરિવાર જેમનું મંદિર હતું, કર્મ એમનું કર્તવ્ય હતું,
સ્નેહ એમની શક્તિ હતી, પરમાર્થ જેમની ભક્તિ હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતું,
કોઈના દુ:ખે દુ:ખી અને કોઈના સુખે સુખી એવો તમારો જીવનમંત્ર હતો.

**ઓ દિવ્ય આત્મા આપ જ્યાં હો ત્યાં પરમ સુખ શાંતિ અને ઉચ્ચ ગતિ પામો એજ પ્રભુ ચરણે પ્રાર્થના...**

-: પ્રાર્થયિતા :-

**માતુશ્રી મુરબાઈ ધનજી પદમશી દંડ સહપરિવાર**

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**સુરેશ રતનશી સાંયા** (PS 7337)
૨૨૭, ઈશાનપુર વિશાલનગર, વિરેનનગર સોસાયટી, અમદાવાદ-૩૮૨ ૪૪૩
મો.: ૦૯૦૨૮૬૪૪૬૨૪

**શ્રીમતી વર્ષા શશિકાન્ત ખોના** (PS 924)
૨૧, નીલકંઠ આશિષ, ૬ઠે માળે, ૬૦ ફીટ રોડ, બેંક ઓફ મહારાષ્ટ્ર પાસે, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો.: સાગર ૦૯૬૧૯૧ ૬૮૫૧૨

**બંકિમ ખીમજી લોડાયા** (PS 1520)
૧૫૦૨, મનિષા પ્રાઈડ બિલ્ડીંગ, ૧૫મે માળે, જે. એન. રોડ, મુલુંડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૦૯૮૬૭૦ ૨૫૩૭૩

**શ્રીમતી સુશીલાબેન વિશનજી શાહ** (PS 3366) **(ધરમશી)**
બંગલો નં. ૧, કસ્તુરી ટાવર, દીપ જયદીપ સોસાયટી, પ્લોટ નં. ૨૪, સેક્ટર ૮, એરોલી, નવી મુંબઈ-૪૦૦ ૭૦૮. મો.: ગૌરવ ૦૯૨૨૩૩ ૫૦૧૩૮


**જીનેન તિલકચંદ લાલકા** (PS 9999)
બી-૧૩, નવ માતૃ પિતૃ કો.હા.સો., ૪થે માળે, ગાંવદેવી, ગુપ્તે રોડ, જુના ડૉન બૉસ્કો સ્કુલની સામે, ડોમ્બીવલી (પ.) ૪૨૧ ૨૦૨.
મો.: ૦૯૦૨૨૬ ૮૧૩૯૧

**જીતેન્દ્ર બાબુલાલ ધરમશી** (PS 3451)
બી-૧, પુનર્વસુ કો.હા.સો., આનંદ નગર, પંડિત દીનદયાલ રોડ, ડોમ્બીવલી (પ.) ૪૨૧ ૨૦૨. મો. : ૦૯૮૨૦૭ ૯૫૦૯૬

**ભવાનજી હીરજી શિયાલ**
હિરા ભવન, ૫૪, જલવિહાર કોલોની, રાયપુર - ૪૯૨ ૦૦૧, છત્તીસગઢ
મો. : ૮૯૫૯૭ ૧૦૦૩૦, ફોન (ઘર) : ૦૭૭૧-૨૪૨૪૯૮૮

## કચ્છી કસબ - ૧૧૫

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ -**

[૧] અત્યાર સુધી (૩); [૩] પૂરીઓ (૩);
[૪] બળતણ (૩); [૬] મદદ (૩); [૭] પહોંચ્યા (૨);
[૮] રાંધવું (૨); [૧૦] ચારનો સમુહ (૩);
[૧૧] કટકટ (૪); [૧૩] લાલ રંગ (૨);
[૧૫] ખંજવાળ (૨); [૧૬] પત્થર (૩);
[૧૯] લાડકો (૩); [૨૧] મુઠીયા (૩);
[૨૩] જોડા (૩); [૨૫] ત્રણ (૧);
[૨૬] દરજી (૩); [૨૮] ઉપાડવું (૨);
[૨૯] દિવસના (૩); [૩૦] મસાલ (૩);
[૩૧] ચક્કર આવવા (૨); [૩૨] દરવાજો (૩);
[૩૩] દેખાડો (૩);
[૩૪] બીજા ઉપર જવાબદારી નાખવી (૨)

**ઊભી ચાવીઓ -**

[૧] એક જ વખત (૩); [૨] ઢોંગ (૨); [૩] પૂરી (૨);
[૪] નાગડા (૩); [૫] કડક સ્વભાવના (૨);
[૭] જગ્યાની છૂટ (૪); [૯] ઓછી સમજવાળું (૩);
[૧૨] તૂટી પડવું (૨); [૧૪] મીજાજી પુરૂષ (૩);
[૧૫] જાડો પુરૂષ (૩); [૧૭] ઘણાબધા (૨);

**ઊભી ચાવીઓ -** (ઉકેલ અન્યત્ર)

[૧૮] કડક સ્વભાવના (૨); [૨૦] ઇયળ (૩);
[૨૨] તમાચો (૩); [૨૪] કરીયાવર (૩);
[૨૬] ઠેકાણા વગરનું (૪); [૨૭] મસાણ (૩);
[૨૮] ખડે પગે હજર રહેવું (૩);
[૨૯] આપો છો (૩); [૩૦] સંજોગ (૨)

# બાબુલ પ્યારે

**– રજનીકુમાર પંડ્યા**

''આણંદજી, તૈયાર થઈ જજો સાંજે. નાટક જોવા જવાનું છે.''

પિતા આમ બોલ્યા એટલે આણંદજી અને એનો મોટો ભાઈ કલ્યાણજી બેઉ તૈયાર થઈ ગયા. ભાંગવાડીમાં નાટક વખણાય. પણ નિશાળમાં ભણતા છોકરાઓને ઘેરથી રજા કોણ આપે? પણ ના, ''આજે તો ભાએ (પિતાએ) સામેથી કહ્યું એટલે બન્ને ભાઈઓ રાજીના રેડ થઈ ગયા. માથામાં તેલ-ફૂલેલ લગાવ્યાં. પટિયાં-લટિયાં પાડ્યાં. મોં આડુંઅવળું, ત્રાંસું, ઊંચું, નીચું કરીને અરીસાનો પૂરો કસ કાઢી લીધો. શેરીના નાકે લટાર મારી આવ્યા. ચાર ભાઈબંધને કહી આવ્યા કે આજ તો.... (ખોંખારો)



વિજય ભટ્ટ સાથે કલ્યાણજીભાઈ અને એમના પિતા

પણ સવારનો આ સંવાદ બાપા સાંજે ભૂલી ગયા. એકલાએકલા નાટક જોઈ આવ્યા. છોકરાઓને પછી પણ સંભાર્યા નહીં. વળી ચાર દિવસ પછી આનો આ મામલો ફરી વાર બન્યો. સવારે કહે કે તૈયાર થઈ જજો. સાંજ પડ્યે તો નાટક કેવું ને વાત કેવી? પણ બાપાનો મીઠો કડપ એવો કે પાછું ખુલાસો મંગાય નહીં કે શા માટે અમારામાં પ્રસન્નતાની વાટ સંકોરો છો ને પાછા પ્રગટાવવાનું તો નામ લેતા નથી!

પાંચમી વાર સવારે આ ડાયલૉગ ફરી વાર થયો. આ વખતે તો બોલતી વખતે બાપાના મોં પર પાક્કા વાયદાનો ભાવ પ્રસરેલો હતો, એટલે સાંજનું નક્કી ગણાય. પણ સાંજે નાટક જોવા જવાનો વખત વીતી ગયો તોય ન તો પોતે ઊઠ્યા કે ન તો છોકરાઓને સાબદા કર્યા. ઊલટાનું આણંદજીને એમ કહ્યું કે જા, ભૂલેશ્વર જઈને દાતણ લઈ આવ. ધૂંધવાટભર્યો આણંદજી બાપાનો બોલ તો ઉથાપી શકે નહીં. નાટકના વરણાગિયા પ્રેક્ષકના મિજાજમાં ને વેશમાંય છેક દાતણ બજાર જવું પડ્યું. દાતણ લાવીને બાપા પાસે પછાડ્યા : 'લો, આ તમારા દાતણ.''

''કેમ?'' બાપાએ પૂછ્યું : ''તારો મગજ આજ ફરેલો છે ને કાંઈ?''

''તે હોય જ ને વળી?'' આણંદજીએ કહ્યું : ''નાટકમાં લઈ જવાનું દર વખતે કહો છો, ને લઈ જતા નથી! આ પાંચમી વાર આવું બન્યું! આમ નાટક જોવા જવાના ઠઠારા કર્યા હોય અને પછી દાતણ લેવા જવાનું! આ કેવી વાત? તમને એવું કરવામાં શું મજા આવે છે.''

બાપાની ભ્રૂકુટિ તંગ થઈ અને પછી એકાએક મોકળી થઈ અને ખડખડાટ હસી પડ્યા : ''બહુ સરસ. ચાલ આજ તું જાગી ગયો અને બોલતાં શીખ્યો. આજે પણ ન બોલ્યો હોત તો આજે પણ ટાળી દેત. બસ, મારે આ જ જોઈતું હતું. બોલતાં શીખો. અવાજ ઉઠારતાં શીખો. દબાઈને બેઠા ન રહો. આજ તો ખરેખર નાટક જોવા જઈશું જ.''

''પણ...'' આણંદજીએ પૂછ્યું : ''આની આ વાત બીજી રીતે ન શિખવાડી શકાય?''

''આ રીતે શીખેલું તું કદી નહીં ભૂલે.'' બાપા બોલ્યા : ''તમને લોકોને એમ લાગે કે દરેક વસ્તુ એમ ને એમ થઈ જશે. પણ કોઈ ચીજ એમ ને એમ થતી નથી. હજુ તો જીવનમાં બહુ આગળ જવાનું છે તમારે. ધંધામાં પડશો. ક્યારેક એમાં એમ લાગશે કે આજે એની મેળે વેપાર થશે. તો શું થઈ જવાનો? અરે, એના માટે હાથ-પગ-જીભ-મગજ-હૃદય-નીતિ અને રીતિ બધું જ કામે લગાડવું પડશે. બીજી વાત. સ્વસ્થતા તો પહેલી જોઈશે. આ તું પાંચમી વાર બન્યું એટલે

*નદી તો ગઈ'તી મળવા દરિયાને પહાડ ભટકાઈ ગયો*
*સપનામાં સૂરજ મળ્યો એટલે રસ્તો એમ ફંટાઈ ગયો...!*
*તમારી આંખડી તો માગતી'તી શણગાર ઘેરા કાળજાનો,*
*કેવી રોશની આપી તમે અંધકાર સદૈવ બંધાઈ ગયો.*

અકળાયો. તે બરાબર, પણ પહેલી વારમાં કકળાટ કર્યો હોત તો તું અસ્વસ્થ કહેવાત. બાકી આગળ જશો એટલે ખબર પડશે કે ધંધા-વ્યાપારમાં કે જે લાઈન લ્યો એમાં ડગલે અને પગલે બનવાનું. આજે પાંચ લાખ આવવાના ધાર્યા હોય અને એ ન આવે. તો શું બ્લડપ્રેશર વધારી દેશો ? ના, એવા ટાણે પણ સ્વસ્થ રહેવાનું.''

નાટક જોઈ આવ્યાના થોડા જ દિવસમાં બીજી એક વાત બની. ગીરગામમાં બાપાને અનાજ-કરિયાણાની અને સૂકા મેવાની મોટી દુકાન હતી. બન્ને છોકરાઓ પણ દુકાને બેસતા હશે.

મૂળ તો કચ્છના દૂર છેવાડાના કુંદરાલી ગામથી વર્ષો પહેલાં મુંબઈ આવીને વસેલું જૈન વાણિયાનું કુટુંબ હતું. માલ-વકરો-વેપાર-ખરીદ-રોજમેળ- ખાતાવહી- ટબ્બો (કાચું સરવૈયું) અને ઉઘરાણી જેવા શબ્દો પણ બાળવાર્તામાં જ ઘોળાઈને મળ્યા હશે. નવો મુસલમાન રોજ નવ વાર નમાજ પઢે એમ આણંદજીભાઈ સાવ નાનકડી-કાચી વયે દુકાને બેસે અને બાપાને કામકાજમાં હાથ દે. એમાં વળી ક્યારેક ચોપડાનાં પાનાંય ઉથલાવે. એમાંય આપણે કોઈ પાસે કંઈ લેવાનું નીકળતું હોય એવું ટાંચણ નીકળે. એટલે વાંચવાની નશાભરી મઝા આવે. એવી એક નોંધ નીકળી - રામજી નાનજી કાલાણી. હા, એની પાસેથી આપણે બાર રૂપિયા લેવાના નીકળે છે... બસ, હજુ આ નોંધ વાંચી ત્યાં એ નોંધમાંથી જ પ્રગટ થયો હોય તેમ રામજી નાનજી કાલાણી ખુદ દુકાન પાસેથી છુપાઈને પસાર થતો નજરની હડફેટે ચડ્યો. બાપાનું તો ધ્યાન નહીં, પણ આણંદજીનું તરત ધ્યાન પડ્યું. આપણો દેણદાર. નજર સામેથી નીકળે છે તે બાપાને ખબર નથી ! પાડું ? બૂમ પાડું ? ''ભા'', એણે ઢાળિયા ઉપર ટકોરા મારીને બાપાનું ધ્યાન દોર્યું : ''રામજીકાકા પાસે આપણા બાર લેણા નીકળે છે અને એ આમ સામેથી લપાતા-છુપાતા નીકળે છે. દોડીને જાઉં ? બોલાવી લાવું ?''

બાપાએ ચશ્માં નીચે ઉતારીને ઝીણી નજરે આણંદજી સામે જોયું. પછી રામજી જ્યાં આઘોપાછો થવા મથતો હતો. તે તરફ જોયું. પણ આણંદજીને ઉમેદ હતી કે બાપા કહેશે કે હા, જા. અબ્બી હાલ બોલાવી લાવ એ સાલાને ! મારો બેટો ભાગતો ફરે છે, એમ ?


પણ બાપા બોલ્યા તે જુદું જ બોલ્યા : ''બાર રૂપિયા મોટા કે એની ઈજ્જત મોટી ? એ ધાડ પાડીને નથી ભાગતો. શરમથી ભાગે છે. એને તો જોયો હોય તોય જોયો ન જોયો કરાય. બાકી બાર રૂપિયા તારા ગલ્લામાં આવે કે ન આવે. શો ફેર પડે છે ?'' આણંદજી શરમાઈ ગયો. (એ શરમનો રેલો છેક બન્ને ભાઈઓ ફિલ્મી દુનિયાના નામાંકિત સંગીતકારો બની ગયા ત્યાં સુધી રેલાયો.

કોની પાસે કેટલા બધા લેણા નીકળે છે ? બેહિસાબ, કો'કના ફિલ્મ સંગીતના ધંધાકીય. તો કોઈના બીજી ત્રીજી રીતના, હાથના ઊછીના કે વ્યવહારના. જ્યારે જ્યારે ઉઘરાણી કરવાનું આવે ત્યારે આણંદજી અને કલ્યાણજી બન્નેને બાપાનું વલણ યાદ આવે. એટલે જોયું ન જોયું - જોયો ન જોયો - જોઈ ન જોઈ - કરી લે.)

સમયાંતરે આણંદજીભાઈને ફિલ્મ લાઈનમાં જવાનો ચસકો લાગ્યો, કારણ કે નાટક બહુ જોયાં અને નાટકવાળાના રુઆબ પણ જોયા. એમાંય ફિલ્મી હસ્તીઓની ગ્લેમર જોઈ. બાપાને પૂછ્યું તો કહે, મન જેમાં માને એમાં જાઓ, પણ જ્યાં જાઓ ત્યાં સમાઈને રહેજો. છલકાઈને નહીં. છલકાનાર હંમેશાં વાસણની બહાર પડી જાય છે. પછી લુછાઈ જવા સિવાય એનું કોઈ ભવિષ્ય નથી.

આણંદજીભાઈએ કોઈ ને કોઈ રીતે ફિલ્મોમાં ભૂમિકા મેળવી જ. એમને સંગીતનો કમ અને અદાકારીનો ઝાઝો ચસકો હતો. કોઈની ઓળખાણથી બારતેર વર્ષની ઉંમરે બાળકલાકાર તરીકે ૧૯૪૫માં ફિલ્મ ''મેઘદૂત'' (જગમોહનના ''ઓ બરસા કે પહેલે બાદલ'' ગીત-ફેઈમ) માં, ૧૯૪૬માં ''ભક્ત પ્રહ્લાદ''માં કામ કર્યું અને ૧૯૪૯માં ''ભક્ત પુંડલીક''માં પણ. પછી કામ મળે એમ નહોતું, કારણ

*જાવું'તુ ઘણે દૂર દૂર અને સમય પણ ન્હોતો ઝાઝો*
*છોડી દઈને ધમાલ હવે સમય સાથે લપેટાઈ ગયો!*



**સ્ટેજ પ્રોગ્રામ એટલા બધા કે કલ્યાણજી-આણંદજીને પરદા પાછળ નિંદર આવી જતી.**

કે ઊંચાઈ જોઈએ તેટલી વધતી નહોતી. એટલી ઊંચાઈ ઓછી હતી કે બાળકલાકાર તરીકે મોટા ભાગે ન જુવાન કલાકાર તરીકે બાળક જેવા લાગે. એટલે ઍક્ટર બનવાનું બાજુ પર રહ્યું.

વીરજીબાપાએ પૂછ્યું : ''તારું ફિલ્મ લાઈનનું કેટલેક આવ્યું ?''

''ઊંચાઈ ઓછી પડે છે. હાઈટ વધતી નથી એટલે કામ ન મળે. હું તો...'' એમ બોલતાં બોલતાં આણંદજી રડવા જેવા થઈ ગયા : ''હું તો ભારે કમનસીબ છું. ક્યાંક જાતને હું નડું છું. ક્યાંક નસીબ નડે છે.''

''જેની હાઈટ ઓછી હોય એ તો બહુ નસીબદાર માણસ કહેવાય.'' બાપા બહુ વિચાર કરીને ધીર-ગંભીર ભાવે બોલ્યા. આણંદજીને નવાઈ લાગી. બાપા આવું અવળું કેમ બોલે ? સામે ઊભેલા પિતા તરફ એણે ઊંચી નજર કરીને પૂછ્યું : ''એ કેવી રીતે ?''

''તું બધા સાથે ઊંચા મસ્તકે વાત કરી શકે. અત્યારે મારી સાથે કરે છે તેમ.'' એ બોલ્યા : ''સૌએ તારી સાથે વાત કરવા માટે નીચે ઝૂકવું પડે. તારી સામે માથું નમાવવું પડે. આવાં નસીબ તો રજવાડાંને જ હોય...''

''માટે હવે...''

બાપાએ પોતાની ઓછી ઊંચાઈને કારણે ઓળખાતા આણંદજીભાઈને કહ્યું કે ''હાઈટ'' ન હોય એટલે કંઈ દુનિયામાં કામ અટકી પડતાં નથી. ફિલ્મ લાઈનમાં તારે જવું હોય તો જેમાં હાઈટની જરૂર ન પડે એવાં કામ કર.

બાપાએ એક દિવસ બોલાવીને કહ્યું : ''નવી નવી શોધ બહારથી કરવાની નથી. મનમાં પડેલી ખાણનું જ ખોદકામ કરવાનું છે.''

સંસ્કારે - જન્મે જૈન વળી ગણેશોત્સવના પૂરા હિંદુ સંસ્કાર. પણ કચ્છ તો સિંધ સરહદનો મુલક. ભલે વતન છૂટ્યે વરસો થયાં હતાં, પણ પ્રસંગોપાત્ત વતન કચ્છનો આવરોજાવરો રહેતો હતો. એટલે સાવ નાનપણમાં પીધેલા સંગીતના મુસ્લિમ કવ્વાલી, ધર્મગીતો કે એમાં રહેલા આર્જવનો પાસ ચિત્ત પર દઢપણે બેઠેલો હતો. બાપા મનની જે ખાણનાં રત્નો શોધવાનું કહેતા હતા તે આ હતાં. (આણંદજી અને કલ્યાણજીના સંગીતમાં આ મુસ્લિમ સૂરોની અસર આજ સુધી રહી છે. ''નસીબ'', ''મુકદ્દર કા સિકંદર'' કે ''કુરબાની''નાં મુસ્લિમ ઢાળનાં ગીતો આની ગવાહી પૂરે છે.)

આ રીતે આણંદજીભાઈના પ્રથમ ગુરૂ આ વિષયમાં પણ બાપા જ થયા. સંગીતની ચોરી કરવાની પણ જરૂર ન પડી. મનમાં જે સ્વર સુષુપ્ત પડ્યા હતા, તેને જ સેવવાના રહ્યા. અઢળક ખજાનો હતો.

સંગીતના ક્ષેત્રમાં બન્ને આગળ વધતા હતા. બન્ને એકમતિયા હતા, પણ ક્યારેક કોઈ કદખળિયું માણસ બન્ને વચ્ચે અંતર પાડવાની કોશિશ કરતું, તો મોંભરિયા ખાતું. આની પાછળ પણ બાપાનું જ ગુરુકર્મ હતું.

૧૯૫૬માં ''સમ્રાટ ચંદ્રગુપ્ત''થી શરૂ થયેલી સૂરયાત્રા વર્ષો સુધી વણથંભી રહી તે બાપાની આ દેણગીને કારણે. જોકે બાપાને એટલી પણ જાણ એ વખતે નહીં કે મ્યુઝિક ડાયરેક્ટર એટલે શું ? અને એની કામગીરી કઈ રીતની ? પણ એમની અંદર જે ''વિઝ્ડમ'' (કોઠાજ્ઞાન) હતું તે કોઈ પણ ક્ષેત્રમાં કામ કરી જતું. શરૂઆતમાં સુભાષ દેસાઈએ કહ્યું કે અમારી એકસામટી છ ફિલ્મોમાં મ્યુઝિક આપો ત્યારે કલ્યાણજી અને આણંદજી બંને જરા મૂંઝાઈ ગયેલા, કારણ કે એ વખતે સ્ટેજ-કાર્યક્રમો કરતા. ''નાગપંચમી'' ફિલ્મના પેલા ગીત ''ઐ નાગ કહીં જા બસિયો રે, મેરે પિયા કો

*અજવાસને સમજવા હું અંધાર ચીતરી બેઠો જ હતો*
*તારી જ વાતમાં વીજળીના ઝબકાર જેમ લપેટાઈ ગયો!*

ન ડસિયો રે'' માં પૂંગી (મોરલી જેવા સ્વરવાળું વાદ્ય) વગાડ્યું તે પરથી હેમંતકુમારે એમની પાસે ''નાગિન''માં એ પૂંગી બીનના નામે બજાવડાવી અને જોતજોતામાં તેમને મૂલ્કમશહૂર કરી દીધા. હેમંતકુમારની એ મહાનતા હતી કે સંગીત દિગ્દર્શક પોતે હોવા છતાં વાદકના નામને પણ એમણે પૂરતી ક્રેડિટ આપી. (૧૯૫૬ની સાલમાં ''કલ્યાણજી વીરજી શાહના બીનવાદનનો ભવ્ય પ્રોગ્રામ'' એવું મોટું હોર્ડિંગ ભાવનગરમાં ખારગેટ પર જોયાનું મને પણ યાદ છે.) સ્ટેજ કાર્યક્રમોમાં જુવાળ આવ્યો.

વરસો પછી બન્ને ભાઈઓ અતિશય વ્યસ્ત થઈ ગયા. બાપા તો ધંધા-રોજગારે બેસતા જ હતા. પણ એમનો અને બેય ભાઈઓનો ચોવીસ કલાકમાં ભેટો ભાગ્યે જ થતો. રાતના વળી ક્યારેક ભેગા થઈ જાય, કારણ કે સવા સો માણસોનું ગણો તો ગણાય એવડું સંયુક્ત કુટુંબ થઈ ગયું હતું. ભાણેજડાં-ભત્રીજાં-દોઈતરાં-પોતરાં, જમાઈઓ-સાળાઓ - ઘરમાં સતત ચેતનનો પ્રવાહ રહેતો. બાપા કહ્યા કરતા કે એવું ઘર એ ઘર નથી. જેમાં મહેમાનોનો આવરોજાવરો ન હોય.

એક વાર દેવલાલી બાપા સમેત સૌ ફરવા ગયા. કડેધડે બાપા ત્યાંના રસ્તાઓ ઉપર ફરતા હતા ત્યાં એક અંધ ભિખારી પર નજર પડી. ભેગા સૌ હતા, પણ આમાં જોવાનું શું હોય ? સૌ આગળ નીકળી ગયા અને પેલા આંધળા આગળ ઊભા રહી ગયેલા બાપાને જોઈને સૌ મૂછમાં હસવા માંડ્યા. થોડી વાર એમની રાહ જોઈ એટલે બાપા પણ સાથે થઈ ગયા. બોલ્યા નહીં, મૂંગા રહ્યા. પણ રાતે સૌ જમવાના ટેબલ પર ભેગા થયા ત્યારે એમણે મમરો મૂક્યો. પેલા આંધળાને માટે દવા કરાવવી છે. એ આંધળો નથી. એને મોતિયો છે. હું વરતી ગયો છું. સૌના મનમાં એમનું વચન ઉથાપવાની વાત નહીં, પણ ''આવી શી જરૂર ? આવી શી જરૂર ?'' એમ થયા કરે. પણ બાપાના ચહેરા પર પીડા જોઈને સૌએ હા ભણી. બાપા બીજે દિવસે સવારે ગયા. એ માણસને મોટરમાં નાખીને મુંબઈ લઈ આવ્યા. એનો મોતિયો ઉતરાવ્યો અને પછી દેવલાલી દસ દિવસમાં પરત આવ્યા. તે રાતે જમવા બેઠા ત્યારે ટેબલ પર જે વાક્ય બોલ્યા તે બન્ને ભાઈઓના મગજમાં કોતરાઈ ગયું. બાપા બોલ્યા : ''બસ, હવે આજ જમવાની ખરેખરી મઝા આવશે.''

એ પછી ખુદ પોતાની આંખે મોતિયો આવ્યો ત્યારે આણંદજીને બોલાવીને કહે : ''મને હવે દેખાતું નથી એમ માનીને તમે દુઃખી થતા હશો, પણ સમજજો કે મને હવે જે દેખાય છે તે અસલી દેખાય છે અને ઘરડાપામાં કાનથી ઓછું કેમ સંભળાય છે ? જાણો છો ? અરે, ગાંડા, આ કિરતારે કે જેણે એવા દેહની રચના કરી કે જેમાં એક પણ સ્ક્રૂ નથી મારવો પડ્યો એની પાસે શું એવી કારીગરી નહીં હોય કે બુઢાપામાં પણ કાનને સાબૂત ન રાખે ? પણ ના એણે સમજીને જ આમ કર્યું છે. માણસની આ ઉંમર એવી છે કે એણે હવે બધું અનુભવી લીધું છે. જોઈ લીધું છે, હવે એને વધુ સાંભળવાનું નથી. માત્ર જોયેલાનું વર્ણન જ કરવાનું છે. એટલે કાનની ઠેસીને એણે બંધ કરી દીધી છે.''

કાનની ઠેસી બંધ કરી દીધી એ પછી પણ લાંબું જીવ્યા. ૮૩ વર્ષની ઉંમરે મંગલવાડીના જૂના મકાને સુખરૂપ-સાબૂત અવસ્થામાં એ મૃત્યુને પામ્યા. આ લખનાર પાસે કલ્યાણજી બોલ્યા : ''કોઈ માણસ એક દેશની બોર્ડર ક્રોસ કરીને બીજા દેશમાં એક ડગલું માંડીને પ્રવેશી જાય એમ એ આ દુનિયાની બોર્ડર ક્રોસ કરી ગયા.'' મેં કહ્યું : ''આ સભાન મૃત્યુને પંડિતમરણ કહેવાય.''

''કઈ રીતે ?'' એમણે પૂછ્યું.

''ઈશ્વરે આટલું આપ્યું છે. હવે વધુ કેટલુંક માંગવું ? આ જગતની આપણી પટ્ટી પૂરી થઈ. હવે બીજે ક્યાંક જન્મીને નવી પટ્ટી શરૂ કરવાની છે એમ સમજી વિચારીને જે જાય એ પુસ્તકિયો પંડિત નહીં, સાચો પંડિત કહેવાય. ને તમારા બાપા એમ જ ગયા. ખરું ?''

બન્ને ભાઈઓની આંખમાં આંસુ તગતગી રહ્યા ત્યારે બાપા સામી ભીંતે લગાડેલી તસવીરમાં હસતા હતા.

***

*વૃક્ષનાં પીળાં પડી ગયેલાં પર્ણ પર પડતો એ પ્રકાશ*
*હું 'ની ગુંચો ઉકેલતાં ઉકેલતાં એમ જ તરડાઇ ગયો...!*
*- અર્જુનસિંહ કે રાઉલજી*

### આ દુનિયામાં જેમનું કોઈ નથી તેમનું છે ભગવાન
### અનાથ દીકરીને મળયા સાચા મા-બાપ.



૨૦૧૬માં અનાથ આશ્રમની છોકરીના લગ્ન શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજીત સમુહલગ્નમાં થયેલ. કન્યાના માતા પિતા બનાવવાનો લાભ શ્રીમતી જયશ્રી ચેતન લીલાધર ખોના - દેઢીયા એ લીધેલ.

માતા પિતાની ફરજ અદા કરતા આ દંપતિએ શ્રીમંત પ્રસંગ (આંગેણી) તેમજ વિયાતરની સંપૂર્ણ જવાબદારી નિભાવી છે. તેની હૃદયપૂર્વક શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ અનુમોદના કરે છે. શાંતિનાથદાદા, વાછરાદાદા સદૈવ શક્તિ આપે એવી પ્રાર્થના

- **કિરણ દંડ**


**Nine Type Chips :**
Bajri • Nachni • Makai • Mung • Soya • Kela
**Nine Type Mukhwas :**
Alsi Badam • Crunchy • Evergreen
**DRFT Bhel & Many More....**
**Anil - 98203 86895 • Heena - 72086 27871**


## નરદે રણશી ધરમશી પરિવાર
**(સેવક ભરૂડીયા, પાલીતાણા, કોઠારા)**

આપણા કુળદેવી **શ્રી સખત માતાજીની છઠ્ઠી પહેડી તારીખ ૧૮-૩-૨૦૧૮ રવિવારના સવારે ૮.૦૦ થી સાંજે ૮.૦૦ વાગ્યા સુધી** યોજેલ છે.

**સ્થળ : જૈનમ હૉલ,** પહેલે માળે, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**પરિવારના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનો તથા આમંત્રિત મહેમાનોને સહપરિવાર પહેડી પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.**

**લાભાર્થી પરિવાર**

**માતુશ્રી કમળાબેન પ્રવિણચંદ જેતશી ધરમશી પરિવાર**

હસ્તે : **હરીશ પ્રવિણચંદ જેતશી ધરમશી**
**રાજેન્દ્ર પ્રવિણચંદ જેતશી ધરમશી**
**દીનેશ પ્રવિણચંદ જેતશી ધરમશી**

સંપર્ક : **શ્રી નરદે રણશી ધરમશી પરિવાર**

| | | |
|---|---|---|
| **બંકીમ દામજી ધરમશી** | - | **98216 68653** |
| **વિનીત ધનજી ધરમશી** | - | **86556 77265** |
| **કિર્તી ખીમજી ધરમશી** | - | **98196 67560** |
| **વિનય હંસરાજ ધરમશી** | - | **98194 01629** |
| **મિતેશ નરેન્દ્ર ધરમશી** | - | **99304 50940** |

## કચ્છ સમાચાર :
### દેશના સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટનું મુંદ્રામાં ભૂમિપૂજન

કચ્છના મુંદરા તાલુકામાં કુંદરોડી-રતાડિયા ગામે રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ રાષ્ટ્રના સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટનું તાજેતરમાં ભૂમિપૂજન કર્યું હતું. આ પ્લાન્ટ ભારતના ઈસ્કોન ગ્રુપ અને ચીનની ટીનશાન કંપનીના સંયુક્ત સાહસમાં સ્થપાશે. તેમણે જણાવ્યું હતું કે ઔદ્યોગિક સલામતીના કારણે ગુજરાતમાં ઔદ્યોગિક રોકાણો સતત વધી રહ્યા છે. સિંગલ વિંડો સિસ્ટમને કારણે રાજ્યમાં ઉદ્યોગોને સુગમતા અને સહયોગ મળે છે. તેમણે ઉમેર્યું કે મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ સરકારે વિવિધ યોજનાઓને પ્રોત્સાહન આપ્યું છે, જે નું પરિણામ વિકાસમાં જોઈ શકાય છે.

વર્ષે ૩૦ લાખ ટનની ઉત્પાદન ક્ષમતા ધરાવતા સ્ટેનલેસ સ્ટીલના આ પ્લાન્ટને પગલે વિદેશી હુંડિયામણની બચત થશે અને ૧૦ હજાર રોજગારનું સર્જન થશે, એમ પણ મુખ્ય પ્રધાને જણાવ્યું હતું. ૫૦૦ એકરમાં પથરાયેલા આ પ્રોજેક્ટમાં ૧૮ મહિના બાદ ઉત્પાદન શરૂ થશે. આ પ્રોજેક્ટ ચીનની કંપની ટીનશાન સાથે સંયુક્ત સાહસમાં સ્થપાયો છે. ટીનશાન, સ્ટીલ ઉદ્યોગમાં વિશ્વની સૌથી મોટી કંપની છે.

### માંડવીમાં શ્રી અજીતનાથજી જિનાલયની વર્ષગાંઠ

શ્રી અજીતનાથજી જૈન દેરાસરની વર્ષગાંઠની ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી પૂ.સા. શ્રી કુમુદકિરણાજી મ.સા., પૂ.સા. શ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા., પૂ. સા. શ્રી હર્ષકિરણાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. તથા પૂ.સા. શ્રી વીરવંદનાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં કરવામાં આવી હતી. મુળનાયક અજીતનાથ પ્રભુજીની ધ્વજારોહણનાં ચડાવવાનો લાભ શ્રીમતી ચંદનબેન દિલીપભાઈ જૈન, આદેશ્વર પ્રભુજીની હીરબાઈ પુનશી મૈશેરી પરિવાર, શાંતિનાથ પ્રભુજીની ઈન્દીરાબેન માણેકજી મૈશેરીએ જ્યારે ધ્વજાથાળનાં ચડાવાનો લાભ વિજયાબાઈ કુલીનકાન્ત લોડાયા પરિવારે લીધો હતો.

સત્તરભેદી પૂજા બાદ જિનાલયનાં ઉંચા શ્વેત શિખરે ધ્વજારોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે સંયમમાર્ગે સીધાવનાર કુ. નિરાલીબેન કાન્તીલાલ દુગાણીનું ક.દ.ઓ. જૈન સંઘ માંડવી દ્વારા બહુમાન કરવામાં આવેલ. આ પ્રસંગે માંડવી જૈન સમાજનાં આગેવાનો શ્રી મયુર શાહ, સંજય ડગારાવાલા, નવિન મોરબીયા, અરવિંદ ગાલા, દિલીપ જૈન, દીનેશ શાહ, નલીન શાહ તથા શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહી પ્રભુભક્તિમાં જોડાયા હતા. વ્યવસ્થામાં ભદ્રીક મૈશેરી, પ્રબોધ મુનવર તિલક ડાઘા, વિનય મૈશેરી, કૃણાલ ડાઘા, હીરેન ધરમશીએ સહકાર આપ્યો હતો.

**સમાચાર** (સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર)

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાલ

શ્રી કુંથુનાથ સ્વામીના દેવવિમાન તુલ્ય ગૃહ જિનાલયની સાતમી વર્ષગાંઠ અને આઠમી ધ્વજા પોષ વદી એકમ (૨ જાન્યુઆરી ૨૦૧૮)ના દિવસે હર્ષોલ્લાસથી પરિપૂર્ણ થયેલ. અઢાર અભિષેક તથા સત્તરભેદી પૂજા વિધીકાર શ્રી ચીરાગભાઈ સંગોઈએ સરસ રીતે કરાવેલ. સંગીતની રમઝટ સૌ. અંજૂબેન લહેરભાઈ નાગડાએ કરાવેલ.

આ વરસ ધ્વજા ચઢાવવાનો લાભાર્થી સૌ. લીલાવંતીબેન દિનેશભાઈ લોડાયા પરિવારે લીધેલ. સ્વામીવાત્સલ્યનો લાભ પ્રતિષ્ઠા કરાવનાર મહેતા પરિવારે (મુંબઈ) લીધેલ. માતા મહાકાલીના કાયમી દાતા સ્વ. સૌ. દેવિકાબેન સોમચંદ લાલકા તરફથી રાતના ભાવના કરવામાં આવી. અષ્ટપ્રકારી પૂજાના ચઢાવા પણ સારી રીતે થયેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ – મુલુંડ

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૫-૨-૨૦૧૮ના રવિવારના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપૂજ્ય જિનાલય, ઝવેર રોડ મધે રાખવામાં આવેલ છે. જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર – જખૌવાળાએ લીધેલ છે. ભાવનામાં રીધ્ધી – સીધ્ધી મંડળ પધારશે. આવતા માર્ચ માસની ભાવના ૨૫-૩-૨૦૧૮ના છે. જેનો લાભ માતુશ્રી હીમાબાઈ મુરજી નાગડા પરિવાર રાપરવાળાએ લીધો છે.

### શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન

શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન – લાલા દ્વારા સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા રવિવાર ૧૮ માર્ચ ૨૦૧૮ ના બપોરે ૩ થી ૫ આદિ અનંત આરાધના ભવન, ભાંડુપ (વેસ્ટ) ખાતે રાખવામાં આવી છે.

### પ્રકાશ સમીક્ષાનો બેન્ક એકાઉન્ટ નંબર બદલાયો છે.

પ્રકાશ સમીક્ષાના અરિહંત બેંકમાં ખાતા નંબર અને બ્રાંચનું સ્થળ બદલાયાં છે જેની કૃપયા નોંધ લેશોજી.

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |
| Name of the Account: | Shri C D O Prakash Samiksha Samiti |


### કચ્છમાં શાળાંત પરીક્ષામાં પ્રથમ આવનારને ઈનામ

માર્ચ ૨૦૧૮માં લેવાનારી ધોરણ દસની બોર્ડની પરીક્ષામાં ૯૦ ટકા કે તેથી વધુ ગુણાંક લાવીને સમગ્ર કચ્છની શાળાઓના આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓમાંથી સર્વપ્રથમ આવનાર વિદ્યાર્થીને સ્વ. અ.સૌ. પ્રભા શામજી છેડાની પુણ્ય સ્મૃતિમાં, હસ્તે શામજી પદમશી છેડા તરફતી રૂા. ૧૧૧૧/- (રૂા. એક હજાર એક સો અગિયાર)નું રોકડ ઈનામ આપવામાં આવશે. રોકડ ઈનામ લઈ જવાની જવાબદારી વિદ્યાર્થીના વાલીની રહેશે. તા. ૨૫ ફેબ્રુઆરી સુધીમાં નામ નોંધાવવા જરૂરી. સંપર્ક : શામજી પદમશી છેડા – 8108667022.

### ૯૮ પરિવારોને રાશનકીટ અર્પણ કરાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ – મુંબઈ દ્વારા ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગ થી કચ્છ અબડાસા, ગાંધીધામ, ભુજ, મુન્દ્રા-માંડવી વિસ્તારોમાં સમાજના જરૂરતમંદ ૯૬ પરિવારોને ૨૧ વસ્તુઓ સાથે રાશનકીટ અર્પણ કરવામાં આવેલ. જિનાલયોને ઉપકરણ સામગ્રી અર્પણ કરવામાં આવેલ.

માંડવી આશ્રમના વૃધ્ધ વડીલો, કચ્છ મહિલા કેન્દ્ર, ભુજથી અનાથ બાળાઓ, માનસિક તેમજ માનવજ્યોત આશ્રમ-ભુજ ને પણ નવા વસ્ત્રો અર્પણ કરવામાં આવેલ. ગ્રુપના અધ્યક્ષ જયેશ જૈન ના માર્ગદર્શન હેઠળ અર્પણ વ્યવસ્થા કિરણ દંડ, પ્રબોધ મુનવર, ભદ્રીક મૈશેરી, હિતેશ પટેલ, કુસુમકાંત લાલકા, પ્રવિણ મોતા, સોમચંદ નાગડા, મુકેશ દંડ, રાજેશ દંડ, મનોજ ગાલા, રાજેશ ધનજી લોડાયા, ચેતન પીર, મહેશ નાગડા, વિપુલ પટેલે સંભાળી હતી.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૨-૧૭ | માટુંગા | ધીર, હર્ષિતા ભાવિન રીતેન સોનાવાલા | નલિયા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૧-૧૮ | મુલુંડ | દિપક વસંત કેશવજી માલદે | દતલુંગી | ૨૬ |
| | ડોમ્બીવલી | અમિષા ગીરીશ કુંવરજી ધરમશી | રંગપુર | ૨૬ |
| ૨૯-૦૧-૧૮ | ડોમ્બીવલી | વિશાલ ગુણવંત શામજી માલદે | દલતુંગી | ૨૮ |
| | ડોમ્બીવલી | ભાવિકા પ્રવીણ રાયચંદ લોડાયા | દલતુંગી | ૨૮ |
| ૦૧-૦૨-૧૮ | પાચોરા | અનમોલ હિમાંશુ લાલજી લોડાયા | કોઠારા | ૨૪ |
| | ગદગ | નિધ્ધિ કુમારપાલ નવીનચંદ લાલકા | લાલા | ૨૨ |
| ૦૧-૦૨-૧૮ | મુલુંડ | રિંકેશ વિનોદ હંસરાજ લોડાયા | અરીખાણા | ૨૫ |
| | ગદગ | લીપી કુમારપાલ નવીનચંદ લાલકા | લાલા | ૨૦ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૧-૧૮ | તિલકનગર | યશ નિતીન પ્રેમજી ખુથિયા | બેરાજા | ૨૭ |
| | માટુંગા | ઝરણા સંજય રજનીકાંત લોડાયા | નાની ખાવડી | ૨૫ |
| ૨૯-૦૧-૧૮ | અંધેરી | બ્રીજેન કીર્તિકુમાર પદમશી લોડાયા | અરીખાણા | ૩૭ |
| | ભાવનગર | નર્મિ અનિલભાઈ ચંપકલાલ ગાંધી | ભાવનગર | ૩૪ |
| ૦૧-૦૨-૧૮ | ઘાટકોપર | રાજીવ કિશોર હરીલાલ દોશી | જેતપુર | ૫૦ |
| | ઘાટકોપર | મીનલ સોમચંદ હીરજી લાલકા | નલિયા | ૪૮ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૧૧-૧૭ | મુલુંડ | નિશાંત સંજયભાઈ ચીમનલાલ નાગડા | નલિયા | ૨૫ |
| | માટુંગા | ધ્વનિ વિજય રમેશચંદ્ર મહેશ્વરી | સાંધાણ | ૨૪ |

### મરણ


| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૧-૧૮ | બાગલકોટ | પદમશી વસનજી ધરમશી | કોઠારા | ૮૦ |
| ૨૦-૦૧-૧૮ | અંધેરી | ગુણવંતી પ્રતાપશી છેડા | તેરા | ૭૪ |
| ૨૫-૦૧-૧૮ | અમદાવાદ | મહેશ રાઘવજી મૈશેરી | લાલા | ૫૩ |
| ૨૭-૦૧-૧૮ | ઘાટકોપર | ગં.સ્વ. સરલા લખમશી સાયલા | તેરા | ૬૬ |
| ૨૮-૦૧-૧૮ | અહમદનગર | લક્ષ્મીચંદ ખીંયશી લોડાયા | રાપર | ૮૮ |
| ૦૧-૦૨-૧૮ | દહિસર | ચીમનલાલ દામજી નેણસી મોતા | રાયધણજર | ૯૦ |
| ૦૨-૦૨-૧૮ | ભોપાલ | ગંગાબાઈ ધનજી નાગશી પોલડીયા | બાયઠ | ૮૦ |
| ૦૩-૦૨-૧૮ | મુલુંડ | જેઠીબાઈ હિરજી કેશવજી ખોના | નલિયા | - |

## કચ્છી કસબ - ૧૧૫ નો ઉકેલ

**આડી ચાવીઓ -**
(૧) હેં સુંધે (૩) પુણીયું (૪) ઓબારો (૬) જલાણી (૭) પોગા
(૮) રજ (૧૦) ચોકળા (૧૧) ટોળટોળ (૧૩) રતો (૧૫) ઢેળ
(૧૬) પાયણ (૧૯) ચાગલો (૨૧) લોલરા (૨૩) ખાસડા (૨૫) ત્રે
(૨૬) ધરજી (૨૮) ખણ (૨૯) ડીંયેજો (૩૦) મરૈયો (૩૧) ગોમ
(૩૨) કમાડ (૩૩) તાયફો (૩૪) થોપ

**ઊભી ચાવીઓ -**
(૧) હેકાર (૨) ધેજ (૩) પુણી (૪) ઓગાળા (૫) રોઠ
(૭) પોકતાણ (૯) જટોળ (૧૨) ટોટયો (૧૪) તોરીલો
(૧૫) ઢેફલો (૧૭) બોરા (૧૮) ઓખા (૨૦) ગડર
(૨૨) લપણ (૨૪) ડાયજો (૨૬) ધડોમથો
(૨૭) જીરાણ (૨૮) ખડાંક (૨૯) ડીંયોતા (૩૦) મેડ

# લગ્ન જીવનની ૪૭મી વર્ષગાંઠની ઉજવણી પ્રસંગે આયંબિલ



**શ્રી સ્નાત્ર પુજા**








**૧૦૬ બહેનો દ્વારા સામાયિક, ૧૪૬ આરાધકોની આયંબિલ તપની આરાધના**

**સૌ. ગીતાબેન અને વિનોદભાઈ ડાઘાને લગ્ન જીવનની ૪૭મી વર્ષગાંઠ પ્રસંગે**
**સ્વસ્થ મધુર સહજીવનની શુભકામનાઓ**

**જોગ ફોલ્સ : ફેબ્રુ. ૧૯૭૧**



**-: શુભેચ્છકો :-**

સૌ. કલ્પના શામજી દંડ (સાંધવ) મુલુંડ
સૌ. જયશ્રી હિરેન ગોશર (બાયઠ) ખંડવા
સૌ. મીના નરેન્દ્ર છેડા (સુથરી) મુલુંડ
સૌ. કાશ્મીરા શૈલેન્દ્ર લોડાયા, ડોંબિવલી
શ્રીમતી ધનલક્ષ્મી નવીન નાગડા, અમરાવતી
ગુણવંતી વીરચંદ ડાઘા (વરાડીયા) અમદાવાદ

મહાવીર શીપીંગ એજન્સી, મુંબઈ
મુલજી દામજી એન્ડ કું. પ્રા. લી., મુંબઈ

**જોગ ફોલ્સ : જાન્યુ. ૨૦૧૮**



# ભાવભીની શ્રદ્ધાંજલિ



તપચક્ર ચક્રવર્તી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિ** સામ્રાજ્યના
આગમ અભ્યાસી પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા.ના સુશિષ્યા
**પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.**
ને કોટિ કોટિ વંદના સહ
**ભાવભીની શ્રદ્ધાંજલિ....**

**શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ખંડવા - મધ્ય પ્રદેશ**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (05-02-18)
Postal Regd. No. MCS/217/2018-2020
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ
# શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ ઘાટકોપર ખાતે મેડિકલ કેમ્પનું આયોજન









શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહમાં તા. ૨૧-૧-૨૦૧૮ના વિદ્યાર્થીઓ માટે, તેમજ શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ માટે જનરલ મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આપણી જ જ્ઞાતિના ડોક્ટરો શ્રી જયંતીલાલ પી. ખોના (મુલુંડ) ડૉક્ટર શ્રી કાંતિલાલભાઈ એન. દંડ (ગરોડીયા - ઘાટકોપર) ડૉક્ટર શ્રીમતી મીરાબેન ડી. ધરમશી (સાયન) તેમજ ડૉક્ટર શ્રી યશ જે. છેડા (મુલુંડ)ના માર્ગદર્શન હેઠળ ૧૦૪ વિદ્યાર્થીઓ અને ૨૬ વિદ્યાર્થીનીઓનું એમ કૂલ ૧૩૦ જણાનું જનરલ ચેકઅપ કરવામાં આવેલ જેમાં સામાન્ય તકલીફોના ઈલાજ માટે ટ્રીટમેન્ટ લખી આપેલ.

ભોજન માટેના વિરામથી પહેલા, સંસ્થાની વ્ય.સ.ના અધિકારીઓ પ્રમુખશ્રી મધુકાન્તભાઈ ખોના, માનદ મંત્રી શ્રી નરેશભાઈ મોમાયાના તેમજ વિશેષ આમંત્રિત મુંબઈ યુનિવર્સીટીના વૉકેશનલ બ્યુરોના વડા ડૉક્ટર શ્રી રાજેન્દ્ર પંડિતના હસ્તે સહુ ડૉક્ટર સાહેબોનો ગુલાબપુષ્પ આપી બહુમાન કરવામાં આવેલ. ન્યૂઝીલેન્ડથી વિશેષ અભ્યાસ કરી આવેલ ડૉક્ટર શ્રી યશ છેડાએ પોતાના અનુભવની વાત વિદ્યાર્થીઓ સાથે કરતા ખાસ ભલામણ કરેલ કે આજકાલ બધા વેસ્ટર્ન-સ્ટાઈલનું ખાન-પાન લેવાની ફેશન થયી ગઈ છે પણ આપણી સંસ્કૃતિને અનુરૂપ પ્રોટીન / ફાયબર વાળા ખોરાક જે આપણા વડીલો કહી ગયા છે એજ આપણા આરોગ્ય માટે યોગ્ય અને વ્યવસ્થિત છે. વેસ્ટર્ન-સ્ટાઈલનું જંક ફૂડ રોજેરોજ આપણને અનુકૂળ ના આવે, અને તેથીજ આજકાલ બીમારીઓ નાનપણથીજ વધી રહી છે જે માટે વાલીઓએ ખાસ ધ્યાન રાખવું પડશે. વિદ્યાર્થીઓની ઊંચાઈ, વજન અને સમય પ્રમાણે ખાવાપીવાની આદતોનુસાર, તેમના આરોગ્યપર અસર થતી હોય છે. જેના લીધે અમુક વિદ્યાર્થીઓને મેદસ્વીપણું / એસિડીટી / પ્રેશરની તકલીફ થઈ શકે છે. વધારે ચેકઅપ અને ટ્રીટમેન્ટની જરૂરી લાગે એવા વિદ્યાર્થીઓ માટે કાર્યવાહી કરવામાં આવશે.

સંસ્થાની વ્યવસ્થાપક સમિતિના સભ્ય શ્રીમતી જયશ્રીબેન દંડે વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ અને કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ માટે ઓરાકેર-જીરાવલા દેરાસર સામે-ઘાટકોપર (ઈસ્ટ) ખાતે ફ્રી ડેન્ટલ ચેકઅપની ખાસ વ્યવસ્થા શરૂ કરેલ છે, જે માટે બંને સંસ્થાના સર્વે વિદ્યાર્થીઓને લાભ લેવા ભલામણ કરેલ.

અંતે માનદ મંત્રી શ્રી નરેશભાઈ મોમાયા દ્વારા સર્વે ડોક્ટરસાહેબોનો અને શ્રી દેવચંદભાઈ ધરમશીનો જેમણે વિદ્યાર્થીઓ માટે કાળજી દર્શાવી, સમય ફાળવી, સહયોગ-સેવા આપેલ તે માટે સંસ્થા વતી આભાર માનવામા આવેલ.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,